# દોસ્ત, દોસ્તી અને સોહબત

અલ્લાહતઆલાએ ઈબ્રાહીમ (અ.સ.) ને ખલીલ બનાવા અને ખત્મુર રોસોલ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને હબીબ બનાવા. ખલીલ અને હબીબનો મત્લબ દોસ્તનો થાય છે. અલ્લાહતઆલા કોઈ દોસ્તનો મોહતાજ નથી. અને તમામ મખ્લુકથી બે પરવાહ અને ગની છે. તો પણ અલ્લાહતઆલાએ ઝમીન પરના પોતાના નુમાઈન્દાઓમાંથી જ બે નબીઓ પર કરમ ફરમાવીને દોસ્ત બનાવેલા છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) મક્કાથી મદીના હિજરત કરી ગયા તો આપે મોહાજીરો (હિજરત કરનારા) અને અન્સાર (મદીનામાં રેહનાર) માં ભાઈચારો કાઈમ કીધો. હરએક મોહાજિરને એક અન્સારના ભાઈ બનાવા, ઈત્તેફાક અને ઈખ્લાસ કાઈમ કીધો. બિલઆખિર હઝરત અલી (અ.સ.) ને આપે આપના ભાઈ બનાવા. મુસા (અ.સ.) એ હારૂન (અ.સ.) ને ભાઈ બનાવા.

અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, **"આજીઝ અને લાચાર તે શખ્સ છે કે જે દોસ્ત બનાવવાની સુલાહીય્યત ન રાખતો હોય. અને એથી પણ વધારે લાચાર તે છે, કે જે દોસ્ત બનાવા પછી તેને ખોઇ નાખે"**. આપ ફરમાવે છે કે, "ઈન્સાનની મોટી કમનસીબી એ છે કે, એને પાસ દુનિયાની તમામ દૌલત હોય પણ એક હમરાઝ, સાચો ખાલિસ દોસ્ત ન હોય." અમીરૂલ મુમેનીન (અ.સ.) વધુમાં ફરમાવે છે કે, "તમે લોકોમાં હીલી મીલીને એવા દોસ્ત બનાવો કે જે વક્ત તમે આ દુનિયામાંથી ગુઝરી જાવ તો તમારી જુદાઈથી એ રોય, ગમગીન થાય અને એને સાથે તમે અગર ઝીંદગી ગુઝારો તો તમને શૌકથી આવીને મિલે." હિકમતના લોકો એમ ફરમાવે છે કે, "ઈન્સાનનો સાચો દોસ્ત તેની તકલીફો, હમ-ગમ અને બલાને દૂર કરી ખુશી અને મસર્રતમા ઈઝાફો કરે છે."

***A friend in need is a friend indeed.***

રસાઈલે ઈખ્વાનુસ્સફા ના સાહબ ઈમામ અહમદીલ મસ્તુર (અ.સ.) ફરમાવે છે કે, "જે વક્ત તમે કોઈ પણ નવા દોસ્તને બનાવો તો પહેલે તેની પૂરી માઅલૂમાત હાસિલ કરો. તેની આદતોની છાનબીન કરો. તેના અખ્લાક અને વિચારોનો તજરુબો કરો. તેના અકીદા, માન્યતાઓ અને મઝહબનો સવાલ કરો. તાકે જાણ થાય કે, એ દોસ્તીને વાસ્તે બરાબર છે ? મોહબ્બતમાં ખાલિસ અને વફાદાર છે ? ભાઈચારાની હકીકતને જાણે છે ? દોસ્તીના હક્ક-ફરઝથી આગાહ છે ? કેમ કે દુનિયામાં અલગ અલગ તબીઅત અને મિઝાજના લોકો હોય છે. તેઓમાંથી ઘણાની આદત રદ્દી અને શયતાની હોય છે, મઝહબ ના જડ હોય છે. તેવાઓમાંથી દોસ્ત પસંદ કરવા મુશ્કિલ કામ છે. કેમકે ઘણા એવા હોય છે કે, કયામતના દિનમાં ઈમાન રાખતા નથી. અખ્લાકના બીગડેલા, ઈબલીસની તકબ્બુરીવાલા, કાબિલના હસદવાલા, નિમરૂદ જેવા ઘમંડી, કારૂન જેવા બખીલ અને ફિરઔન જેવા મગરૂર હોય છે. જે તમામ ગુનાહોની જડ છે. ઈન્સાન પર લાયક છે કે જે વક્ત કોઈને હમરાઝ યા દોસ્ત બનાવે તો એ મુજબ એને પરખે જે મુજબ ખોટા-સાચા દીનાર અને દિરહમને પરખવામાં આવે છે, ઝરખેઝ અને ઉપજાવ ઝમીનને ખરીદવામાં આવે છે, અને જે તરહ કે નિકાહને વાસ્તે બૈરો પસંદ કરવામાં આવે છે, ઘરકામ વાસ્તે ગુલામો, લોંડીઓ પસંદ કરવામાં આવે છે, અને ઘરના સામાન-અસબાબ ખરીદવામાં આવે છે. તેથી સાચા, મુખ્લિસ, રાઝદાન અને યારીદેન દોસ્ત ઘણા કિસ્મતવાલાને મિલે છે. કેમ કે સહી દોસ્ત દીન અને દુનિયાના તમામ અમરમાં મદદગાર હોય છે જે મુજબ સફેદ સોનું.

એક એવો શખ્સ જેનો કોઈ દોસ્ત જ નથી અને એકલો અટુલો ઝિંદગી ગુઝારે છે, તેને વાસ્તે દુનિયાની દૌલત, જીસ્મની તાકત અને સમાજની ઈઝઝતમાં જે ખુબીઓ પોશીદા હોય છે તે તેને ખુશહાલ કરી શકતી નથી. પણ જ્યારે તે એક નેકદિલ દોસ્ત બનાવે છે અને અલ્લાહતઆલાએ તેને નવાઝેલી નેઅમતનો ફૈઝ તેના દોસ્તને આપે છે, અને દોસ્ત સાથે તે ભલાઈ કરે છે તો જ તેને ખુશી થાય છે. બીજાઓ જે વક્ત કોઈને પર એહસાન કરે છે તો જે અકલમંદ શખ્સ હોય છે તે અહેસાનને બોઝ સમઝે છે અને તે ઉતારવા વાસ્તે હર વક્ત બેચૈન રહે છે પણ તે જે વક્ત બીજાને દોસ્ત બનાવીને તેના પર એહસાન કરે છે તો તેની ખુશી દુગ્ની થઈ જાય છે અને કોઈ વક્ત ભૂલથી પણ તેં કીધેલા એહસાનની ઝીક્ર પોતાના દોસ્ત નઝદીક ઝબાન પર લાવતો નથી.

જો અગર દોસ્ત બનાવીને ગુમાવીએ તો દોસ્ત સાથેની ઝીંદગીની ઉન્સતની કદર થાય, દોસ્ત બિરાદરોની સોહબતને છોડીને ગોશો ઈખ્તેયાર કરી લેવો ઈન્સાનની તરાવત અને ઉમંગને નાબૂદ કરી નાખે છે, કેમકે નેકદિલ હમરાઝ દોસ્ત આઁખની ઠંડક છે, દુનિયાની નેઅમત અને આખેરતની સઆદત છે. **આજ દોસ્તો ખૌફ અને ખતરાના વક્તમાં ઢાલ બનીને ઉભા રહે છે, સલામતીના રસ્તે લઇ જાય છે અને દિલના દોસ્તો જ બલા અને શિદ્દતોમાં સહારો બને છે, હિમ્મત તથા હોંસલો વધારે છે. અને એવી પીઠ છે કે જેને પર નુકસાન અને ફાયદામાં તકીયો કરી શકાય, અને એવા ખઝાના છે જે હાજતના વક્તે કામ આવે, એવી સીડી છે કે જે ઊંચાઇ તરફ લઇ જાય અને એવી પાંખો છે કે જે હમગમમાં સાચો બનીને ફેલાઇ જાય.** ઈન્સાનના નકલી મતલબ પરસ્ત અને ગરઝપરસ્ત દોસ્તો હોય છે કે, જેનું ઝાહિર મીઠું અને બાતિન કડવું હોય છે. જેની ઝબાન અલગ કહે છે અને દિલ અલગ સોચે છે. તેથી સાચા દોસ્તની પસંદગી સૂઝબૂઝથી કરવી જોઈએ તાકે બરબાદી અને ગુમરાહીથી બચી શકાય.

***A bitterest enemy is better than***
***a dishonest friend.***

ખરાબમાં ખરાબ હાલાતમાં દોસ્તીની સાચી કસોટી થાય છે. ખરો દોસ્ત તો તે જ છે કે, જે ખુશીઓમાં નહિ પણ ગમીમાં શરીકેહાલ થાય અને દિલને દિલાસો અને સબરના કલામથી સૂકુન બખ્શે. ખરો હમદર્દ તો તે જ છે કે, જે પોતાના દોસ્તના ગમના આંસુને લૂછે અને ખુશીના આંસુને જારી થાવા દે. ★